

**પર્યાવરણ બચાવો રેલી** અદાણી વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ બચાવો રેલી યોજવામાં આવી હતી. સ્વસ્તિક ચાર રસ્તાથી સી.જી. રોડ થઇ લો ગાર્ડન સુધી યોજાયેલી આ રેલીમાં પોસ્ટર અને સૂત્રોચ્ચારો સાથે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ પર્યાવરણનો મહિમા સમજાવ્યો હતો. આજે વૈશ્વિક તાપમાનમાં અસમતુલા સર્જાયેલી જોવા મળે છે ત્યારે પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવાય એ તાતી જરૂર છે. - *તસવીરઃ* **પંકજ શુક્લ**

# અદાણી વિદ્યામંદિર દ્વારા પર્યાવરણ બચાવો રેલી

**નવગુજરાત સમય** > અમદાવાદ

વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિત્તે અદાણી વિદ્યામંદિર, અમદાવાદ દ્વારા પર્યાવરણ બચાવો રેલીનું આયોજન કરાયું હતું. સી.જી. રોડ થઈને લો ગાર્ડન સુધી યોજાયેલી રેલીમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો પર્યાવરણ વિષયને લગતાં પર્યાવરણ બચાવો-શહેર બચાવો જેવા સૂત્રોચ્ચારો અને બેનરો પણ પ્રદર્શિત કર્યા હતા.

રેલી બાદ વિદ્યાર્થીઓ-શિક્ષકોએ રિસાયકલ્ડ કરાયેલા કાગળમાંથી બનાવેલી શાળાના લોગો ધરાવતી અને પર્યાવરણ બચાવો સૂત્ર લખેલી બેગમાં છોડનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે ડો. પ્રીતિ જી. અદાણીએ જણાવ્યુ હતું કે આ રેલીનો વિષય પ્લાન્ટ ઓફ ધ પ્લેનેટ ( પૃથ્વી માટે વૃક્ષો) રાખવામાં આવ્યો છે. અમારો ઉદ્દેશ્ય અમદાવાદના લોકોને પર્યાવરણ સુરક્ષા અંગે જાણકારી આપવાનો છે. અદાણી વિદ્યામંદિર, અમદાવાદ શાળાના સમગ્ર સમુદાયમાં પર્યાવરણને સ્પર્શતા મુદ્દાઓ બાબતે જાગૃતિ પેદા કરવા તા.૧૩મીથી ૧૯મી જૂન સુધી પર્યાવરણ સપ્તાહની ઉજવણી કરી રહ્યું છે.

